ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સરકાર છે નશામાં, બહુમતિની 'ચરસે' છે*
*બધી પ્રજા, પીડિતા, નેતા, ન્યાય માટે 'તરસે' છે*
*સંઘર્ષ છે સૌ કોઈ લોકપ્રતિનિધિની સામે જ*
*હવે રોજ વાંધા-વચકા સુપ્રીમ પર વરસે છે*
*('સુપ્રીમ' વિના હવે કોઈ ઉકેલ આવતા નથી)*

### હાઈકુ

*બધી ઋતુમાં*
*છે હવે 'કમોસમ'*
*માત્ર 'ચોમાસું?!'*

*થાય છે ઊભાં*
*કુદરતમાં પણ -*
*રોજ 'દબાણ'*

### ચિંતન

*હાતુમિચ્છતિ સંસારં રાગી દુઃખજિહાસયા ।*
*વીતરાગો હિ નિર્દુઃખઃ તસ્મિન્ અપિ ન ખિદ્યતિ ॥*

**ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.**

**દુઃખથી બચવા માટે રાગી સંસારનો ત્યાગ ઈચ્છે છે, પરંતુ વિતરાગી દુઃખમુક્ત થઈ, સંસારમાં રહેવા છતાં, ખેદ પામતો નથી.**

**સુખ-દુઃખ કે રાગદ્વેષ એ બધી મનની પરિસ્થિતિ છે. પરંતુ જેને સંસાર પ્રત્યે રાગ છે, આ સક્તિ છે, એ તો સંસારને જ સુખદુઃખનું કારણ માને છે. તેથી એવી રાગી વ્યક્તિ દુઃખથી બચવા માટે સંસારનો ત્યાગ કરવા માગે છે, ઘરબાર, કુટુંબ વગેરે છોડીને બાવા બને છે.**

**આવા લોકો ભલે સંસાર છોડીને સન્યાસી બને પણ ત્યાં બીજા પ્રકારનો સંસાર ઊભો થયો હોય છે. કારણ કે મનમાં તો સંસાર છે જ. એવાને સંસાર છોડવાથી પણ સુખ મળતું નથી. જ્યારે રાગ અને ત્યાગ, બંનેથી પર થયેલો જ્ઞાની, વિતરાગી; તો સંસારમાં રહેવા છતાં, અલિપ્ત રહેતો હોવાથી, અનાસક્ત હોવાથી, દુઃખમુક્ત જ છે, અને તેથી તેને ખેદ થવાનું પણ કોઈ કારણ જ નથી.**

### સુવિચાર

- મિત્રતા ગરજ કે અરજથી નહીં સમજથી ચાલે છે - **ફુલછાબ**
- ખાધુ કે ખવરાવ્યું નહીં, કર્યા ન ટાઢા હાથ, આવ્યા તેવું ઊઠવું, શું લેશો સંગાથ - **જીવનપાથેય**
- અનાસક્તિની કસોટી એ છે કે તે વસ્તુના અભાવમાં આપણે કષ્ટ ન અનુભવીએ - **ગાંધીજી**
- પ્રલોભનએ મોટી નબળાઈ છે એટલે પ્રલોભનની હાજરી હોય ત્યાં મેં ગેરસમજ રહેવાનું શરૂ કર્યું છે - **આચાર્ય વિજયરત્નસૂરીશ્વરજી**
- સફળ રાજાનું નિર્માણ કરવા કયારેક જરૂર પડ્યે તમારે એના 'સારથી' પણ બનવું પડે !! બાકી રાજાનું નિર્માણ કરવાની તાકાત તો શકુનિમાંય હતી જ ને?? - **એસ. ભટ્ટાચાર્ય**
- જિસકો ભી દેખના હો કંઈ બાર દેખના, હર આદમી મેં હોતે હૈ, દસ-બીસ આદમી - **જીવન કે આરપાર**
- આજનું ઔષધ : મેથી અને સુવા સરખે ભાગે લઈ બંનેને શેકી, અધકચરા ખાંડી તેમાંથી અર્ધો તોલો ફાકવાથી આફરો, ખાટાં ઓડકાર મટે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક ભેંસ હતી અકસ્માતે કાદવમાં ફસાઈ ગઈ. ખાડામાંથી નીકળી શકતી ન હતી. ત્યાંથી પસાર થતા લોકો પણ એને બહાર કાઢવાની કોઈ મદદ ન કરી કારણ કે એમનો ડર એવો હતો કે તેઓ પણ ખુદને એ કાદવમાં ફસાઈ જઈ શકે છે. બે-ચાર તોફાની બાળકો ભેંસના સંઘર્ષની મજા લઈ રહ્યા હતા. એવામાં ત્યાંથી એક ખડતલ યુવાન સંત પસાર થયા. ભેંસને બચાવવા તેઓ પણ કાદવમાં ઉતર્યા. લોકો ઊભા રહીને તેમની પણ મશ્કરી કરવા લાગ્યા ત્યારે એમને કોઈની પરવા કર્યા વગર પૂરું જોર લગાવીને ભેંસને બહાર કાઢી. પેલા બાળકો કહે, 'અરે, અમે તો તમારી મજા બગાડી નાખી, તમારે ભેંસ બચાવવાની શું જરૂર હતી ?' સંતે કહ્યું, 'મેં ભેંસની કોઈ સેવા કરી નથી મેં તો મારા દુઃખમાંથી છુટકારો મેળવવા એને બચાવી લીધી. ભેંસ ને હેરાન થતી જોઈને મને જે વેદના થઈ એ હું સહન કરી શકતો નહોતો, હવે હું પણ પીડામુક્ત થઈ ગયો છું.' કહેવાનો ભાવાર્થ એ કે કોઈ અન્ય વ્યક્તિની વેદના જાણે પોતાની વેદના હોય એવું અનુભવવું એ ખરો માનવ સ્વભાવ છે. એકબીજા પ્રત્યેની અનુકંપા એ માણસનો સૌથી શ્રેષ્ઠ ગુણ છે, જેનાથી જ આજે દુનિયા આપણને માણવા જેવી લાગે છે.

# પરીક્ષા રદ કરવાનો નિર્ણય યોગ્ય છે

**તંત્રીસ્થાનેથી...**

બિન સચિવાલય કલાર્કોની ભરતી માટેની પરીક્ષામાં થયેલી ગેરરીતીઓ સામે પરીક્ષાર્થીઓમાં જબરો અંસતોષ હતો અને એથી રાજધાનીમાં ખુલ્લા આકાશ નીચે હજારો ઉમેદવારોએ ધામા નાખી ધરણાં કર્યા હતા. સરકારી નોકરી મેળવવા લોહીનું પાણી કરી મહેનત કરનારા સાચા ઉમેવદારોને અન્યાય થાય અને પેપર લીક કરીને બારોબાર જવાબ લખાવી દઈ ઠોઠ નિશાળિયાઓને મેરીટ લિસ્ટમાં ઉપર મૂકી દેવાય એવી ચોખ્ખી સંભાવના સરજાઈ હતી. હડતાલ પર ઊતરેલા પરીક્ષાર્થીઓ આવી ગેરરીતિઓના પુરાવા પણ રજૂ કર્યા હતા અને સીસીટીવી કેમેરાઓએ એમની રજૂઆતને સાક્ષીભાવે સાચી ઠેરવી હતી. ઊકળી ઊઠેલી બેકારી અને બેરોજગારીનો ભોગ બનેલા વિદ્યાર્થી આલમને નારાજ કરવાનું લોકપ્રિય સરકારને પોસાય પણ નહીં. એમાંય પાછા મુખ્યમંત્રી તો શુદ્ધ વણિક - ડાહીમાના દીકરા. એમણે તાબડતોબ પ્રદિપસિંહ જાડેજા જેવા સિનિયર મંત્રીને મેદાનમાં ઉતારી પીડિતોની વાત સાંભળી. એની તપાસ માટે કમલ દયાની જેવા સક્ષમ સનદી અધિકારીના નેતૃત્વ હેઠળ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની જાહેરાત કરી જેનો રિપોર્ટ વિદ્યાર્થીઓની ફરિયાદ સાચી હોવાની પુષ્ટિ કરે છે. મુખ્યમંત્રીએ તાબડતોબ કોઈ પણ પ્રકારનો ઢાંકપિછોડો કર્યા વગર પરીક્ષા રદ જાહેર કરીને દાખળો બેસાડ્યો છે. સરકારે ખોટી જીદ પર અડી ન રહેતાં પ્રજામત સાચો લાગે તો એને અનુકૂળ થઈ જવું જોઈએ - તેનું આ ઝળહળતું ઉદાહરણ છે. જીદ પકડી રાખવાથી સરકાર સામે ઊલટાની નફરત જ પેદા થઈ હોત. 'વાણિતા મૂછ નીચી' વાળી કહેવત અમસ્તી તો નહીં જ પડી હોય! રાજય સરકારે કરેલ નિર્ણયથી ઊલટાનું વાજબી ફરિયાદનો વાજબી જવાબ પ્રતિસાદ પાઠવ્યો છે એવો પોઝિટિવ મેસેજ જશે. વિદ્યાર્થી આલમને ન્યાય મળ્યો છે અને ભવિષ્યમાં લેવાનારી પરીક્ષામાં આવી ગેરરીતિઓનું પુનરાવર્તન નહીં થાય એવો સધિયારો પણ સાંપડ્યો છે. જો કે અગાઉ આવી પરીક્ષાઓમાં ગોટાળા થયા છે અને એ પણ રદ કરવી પડી છે તે જોતાં સરકારી તંત્રની આયોજન શક્તિ અને વ્યવસ્થા શક્તિ સામે પ્રશ્નાર્થો ઊઠે તે સ્વાભાવિક છે. આ વખતે વિદ્યાર્થીઓએ એમનો અસલ મિજાજ બતાવી દીધો છે એથી સરકારી તંત્ર પણ હવે પછી લેવાનારી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વિશેષ સતર્ક અને સાવધાન રહેશે એવી અપેક્ષા અસ્થાને નહીં જ ગણાય. ગુજરાત વિશે વિશ્વમાં ઊંચો અભિપ્રાય પ્રવર્તે છે અને અહીંથી વિદેશોમાં જઈ આપણા વિદ્યાર્થીઓ ઊંચી કારકિર્દી બનાવી શક્યા છે. રસાયણશાસ્ત્રનું નોબેલ જીતનાર એક સમયે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના જ વિદ્યાર્થી હતા તો વળી ભારતને ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રે વૈશ્વિક કક્ષાએ મૂકી આપનાર સંચાર ક્રાંતિના પ્રણેતા સામ પિત્રોડા પણ મૂળે ગુજરાતી છે અને ગુજરાતમાં જ ભણીને અમેરિકા જઈ પાછા સ્વદેશમાં પાછા ફરેલ છે. આ વખતે 'સીટ'ની ભલામણોનો સરકારે કડકાઈ પૂર્વક અમલ કરવાનો નિરધાર કર્યો છે અને પરીક્ષામાં ગેરરીતી કરનાર પરીક્ષાર્થીઓ સામે કડક પગલાં લઈ એમને ત્રણ વરસ સુધી પરીક્ષામાં નહીં બેસવા દેવાનો આદેશ કર્યો છે. આવા પરીક્ષા કેન્દ્રો પર પણ કાયમી પ્રતિબંધ મૂકવાની 'સીટ'ની ભલામણ સરકારે સ્વીકારી છે. વળી જેમણે આવી ગેરરીતિઓમાં સીધો કે આડકતરો ભાગ ભવ્ય ભજવ્યો છે એવા પરીક્ષા કેન્દ્રોના સંચાલકો, સુપરવાઈઝરો વગેરે સામે પણ કાયદેસર કાર્યવાહીના આદેશો આપેલ છે. આશા રાખી કે 'પરીક્ષા ચોરી'ના મુદ્દે બદનામ થઈ ચૂકેલ ગરવી ગુજરાત હવે પછી 'સુધરી' જશે.

# ... સંકલ્પ મુજબ રોજ એક પરોપકારનું કામ કરીએ



નવાં કલેવર
નટવર હેડાઉ

બે મિત્રો હતા. કૃણાલ અને કિરણ. ભણવામાં હોય કે રમવામાં હંમેશા બંને સાથે જ જોવા મળે. વળી બંનેના ઘર પણ ખુબ નજીક હતા.

મજાની વાત તો મિત્ર સાથે જ થઈ શકે. તે ન્યાયે બંને જે કંઈ કરે અથવા કરવાના હોય તેની વાત એકબીજાને કર્યા વિના રહે જ નહીં. તેમની સાથેના બીજા છોકરાઓ બંને મિત્રો વચ્ચે ફૂટ પડાવવાની કોશિશ કરે પણ સફળ થાય નહીં.

કૃણાલ જીમ જોઈન્ટ કરે તો કિરણ પણ તેમાં પાછળ ન રહે. સવારમાં મોર્નિંગ વૉકમાં તો બંને રોજ સાથે જ હોય. તેથી લોકો કહેતા કે મિત્રો હોય તો આવા. બહાર કયાંય જવાનું થાય તો પણ બંને સાથે જ જાય. હમણાં બિન સચિવાલય કલાર્કની પરીક્ષા પણ બંનેએ સાથે જ આપેલી. આંદોલન કરવાનું આવ્યું તો તેમાં પણ બંને સાથે. પત્રકારો એ પૂછ્યું, 'ભાઈ કૃણાલ, તમે આંદોલનમાં વિદ્યાર્થી નેતા તો બની ગયા છો પણ તમારી મૈત્રી ટકશે ખરી?'

'હાં જરૂર, અમારી મૈત્રી અતુટ છે.'

પણ તમે જાણો છો કે રાજકારણમાં તો કોઈ કોઈનું મિત્ર નથી હોતું. ને કોઈ કોઈનું દુશ્મન નથી હોતું. સમય પ્રમાણે કાચીંડાની જેમ બધા રંગ બદલતા રહે છે. આ સાંભળી કિરણ બોલી ઊઠ્યો. અમારી વચ્ચે તો એક જ મૈત્રીનો રંગ છે. જેનાથી અમે રંગાઈ ગયેલા છીએ. મીરાંએ કીધું છે ને કે ઓઢું હું કાળો કામળો દુજો ડાઘ ન લાગે કોય.' બસ એવું જ કંઈક.

'એવું સાંભળવા મળ્યું છે કે તમે બંને એ કંઈક સંકલ્પ લીધો છે. પત્રકારે પૂછ્યું.'

'હાં, સાચી વાત છે. અમે એક શબ્દ સાંભળ્યો.' 'પરોપકાર' અને એનો અર્થ અમને એમ સમજાયો કે બીજાનું ભલું કરવું. જયારથી એ શબ્દ મળ્યો છે. તેને અપનાવી લીધો છે' કૃણાલે કહ્યું.

'ઓહ, એથી તમે આ આંદોલનમાં આગેવાની લીધી છે કરું ને?' પત્રકારે પૂછ્યું.

'હાં, તમે એમ કહી શકો, અને કદાચ તેના લીધે જ અમારી મૈત્રી ટકી રહી છે.' કિરણે જવાબ આપ્યો.

'એ કઈ રીતે ?'

'અમે બંને સાથે જતા હોઈએ અને રસ્તામાં ચાલતાં કયાંક કાંટો દેખાઈ જાય તો હું ઉપાડીને કોઈને વાગે નહીં તેમ ડસ્ટબીનમાં નાખી દઉં.' કૃણાલે કહ્યું.

'અને કિરણ ?'

'તેને જો રસ્તામાં કયાંક પથ્થર દેખાઈ ગયો તો તે વાહન ઊભું રાખી તેને હટાવી દેશે. તે પછી જ આગળ વધશે.' કૃણાલે કહ્યું.

'અમે બને અમારા સંકલ્પ મુજબ રોજ એક પરોપકારનું કામ કરીએ છીએ.' કિરણે કહ્યું.

'વાહ, બહુ સરસ તો પછી આજે તમે કોઈ પરોપકારનું કામ કર્યું?'

તે વખતે જ સામે નળમાં વ્યર્થ વહીં જતું પાણી જોઈને કૃણાલ દોડ્યો એ તરફ ગયો હતો. તેણે ત્યાં પહોંચી પાણીની ટાંકી બંધ કરી ખુશ થતાં હતા કહ્યું, 'આ થયું આજનું મારું કામ.'

આ બન્યું ત્યાં સુધીમાં કિરણ પણ સામેના ઘરે પહોંચી ગયો હતો. અને અજવાળામાં બહાર બળી રહેલ લાઈટને બંધ કરવા મકાન માલિકને સમજાવતો હતો.

# શું આપણે કોઈ એક સ્નેહીજનને હમેશાં ખુશ રાખી શકીએ?



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

બેંકિંગ ક્ષેત્રે બેન્કર અને ગ્રાહકોના સંબંધો વિષે એવું કહેવાય છે કે બેન્કર પોતાના ગ્રાહકોને ખુશ રાખવા માટે નવ્વાણું વખત ખૂબ જ સારી સેવા આપે અને એ સેવા થકી ગ્રાહક નવ્વાણુ વખત ખુશ પણ થતાં હોય છે અને ક્યારેક બેન્કરની પ્રશંશા પણ કરતાં હોય છે. કોઈ કારણસર જો ૧૦૦મી વખત ગ્રાહકની સેવામાં એ જ બેન્કરથી કદાચ કંઈક ચૂક થઈ ગઈ, સંજોગવશાત તે ગ્રાહકને સંતોષ ના આપી શક્યા તો ગ્રાહક નવ્વાણું વખત આપેલી ઉત્તમ સેવાને ગ્રાહક ભૂલી જાય છે. એ નવ્વાણુ વખત આપેલી સારી સેવાને યાદ કર્યા વિના ૧૦૦મી વખત થયેલી ભૂલને ગળે વળગાડી લેતા હોય છે, હૈયે બાંધી લેતા હોય છે અને બેન્કર પ્રત્યે નાખુશ થઈ જતાં હોય છે. અલબત, આ પ્રકારના ગ્રહોકોમાં કેટલાક આપવાદો પણ હોય છે જેઓ બેન્કરની પરિસ્થિતી સારી રીતે સમજી શકતા હોય છે. પણ જો ગ્રાહક ૧૦૦મી વખતની પરિસ્થિતી સમજી નથી શકતા અને નાખુશ થતાં હોય છે ત્યારે બેંકરની પરિશ્થિતી કફોડી થતી હોય છે.

માનવીય સંબંધોનું પણ કંઈક એવું જ છે. અલબત, અન્ય ઘણા બધા પ્રકારના સંબંધોની જેમ જ બેન્કર અને ગ્રાહકનાં સંબંધો પણ માનવીય સંબંધોનો જ એક ભાગ છે.

માનવીય સંબંધોમા આપણે હંમેશા આપણી સંબંધિત વ્યકિતને ખુશ જોવા ઈચ્છતા હોઈએ છીએ. તેને ખુશ જોવા માટે, તેને ખુશ રાખવા માટે આપણે સતત અને અથાગ પ્રયત્ન કરતાં રહીએ છીએ. તેમાં યે ખાસ કરીને આપણાં જીવનમાં કેટલીક વ્યકિતઓનું એવું અહમ સ્થાન હોય છે કે જેમને ખુશ રાખવા માટે આપણે હંમેશા પ્રયત્ન કરતા રહીએ છીએ. તેની પાછળ આપણો હેતુ એ જ હોય છે કે એ વ્યકિત આપણાં થકી હંમેશા ખુશ રહે. બીજા શબ્દોમાં કહીએ આપણાં થકી તેઓ કોઈ પ્રકારે નાખુશ ના થાય. આપણાં વાણી-વર્તન અને વ્યવહારને કારણે એ વ્યકિત દુઃખી ના થાય. તેના હૃદયને ઠેસ ના પહોંચે તેની આપણે સતત કાળજી રાખતા હોઈએ છીએ.

આપણાં સ્નેહીજનને ખુશ જોવા માટે આપણે સતત સજાગ રહીએ છીએ. તેના માટે આપણે ખૂબ મહેનત પણ કરીએ છીએ, કહો કે ક્યારેક મજૂરી કરીએ છીએ. ક્યારેક રાત-દિવસ એક કરી, ઉજાગરા વેઠીને, અનેક મુશ્કેલીઓનો સામનો કરીને પણ સ્નેહીજનને ખુશ રાખીએ છીએ. ક્યારેક તેના માટે મોટો ત્યાગ પણ કરતા અચકાતા નથી કારણ કે જે કઈ આપણે ત્યાગ કરીએ છીએ તેના મૂલ્ય સામે સ્નેહીજનની ખુશી આપણાં માટે વધારે મૂલ્યવાન હોય છે.

એવું જરૂરી નથી કે આ પ્રકારનું આપણું વર્તન અને વ્યવહાર એકદમ અંતરંગ વ્યક્તિ માટે જ હોય. એ કોઈપણ પ્રકારના સંબંધો માટે હોય શકે છે. માતા, પિતા, પુત્ર, પુત્રી, પત્ની, ભાઈ-બહેન , સ્નેહી, સંબંધી , પ્રિયતમ, પ્રિયતમા, મિત્ર, સહકર્મચારી કે પાડોશી જેવા કોઈપણ સંબંધો હોય શકે. અહીં સંબંધોનાં નામ કરતાં સંબંધોની ધનિષ્ઠતા વધારે મહત્વના અને મૂલ્યવાન હોય છે. સંબંધો ક્યા છે એ નહિ પણ સંબંધો કેવા છે એ વધારે અગત્યનું હોય છે.

માણસ તૃષ્ણાઓનો ભારો છે. માણસનાં મનમાંથી તૃષ્ણાઓનો પ્રવાહ અસ્ખલિત વહ્યા જ કરતો હોય છે. એ પ્રવાહને કોઈ જ રોકી શકતું નથી. તૃષ્ણા એ અપેક્ષાઓની જનની છે. તૃષ્ણા થકી અપેક્ષા જાગે છે. માણસને ખુશ કરવો હોય તો તેની અપેક્ષા પૂરી કરવી પડે. માણસની તૃષ્ણા સંતોષવી પડે. આપણે કોઈપણ માણસની એક અપેક્ષા સંતોષીએ એટલે બીજી જાગે. બીજી સંતોષીએ એટલે ત્રીજી જાગે, પછી ચોથી, પાંચમી....આમ અસ્ખલિત અપેક્ષાઓ જાગ્યા કરે. એ બધી જ અપેક્ષાઓને સંતોષવી ક્યારેય શક્ય નથી. બધી જ અપેક્ષા સંતોષવી શક્ય નથી એનો અર્થ એ થયો કે જ્યારે માણસની અપેક્ષા સંતોષાશે નહીં ત્યારે તે નાખુશ થશે. નાખુશ થશે એટલે તે નારાજ થશે. આમ તૃષ્ણાઓથી જન્મેલી અપેક્ષાઓ સંતોષી ના શકીએ તેથી આપણે તેને હંમેશા ખુશ રાખી શકીએ નહિ.

વ્યકિતની અપેક્ષાઓ માત્ર ભૌતિક વસ્તુઓ પૂરતી જ સીમિત નથી હોતી. માત્ર ભૌતિક વસ્તુઓની તૃષ્ણા હોય તો કદાચ એ બધી સંતોષી પણ શકીએ. વ્યક્તિની તૃષ્ણાઓ ભૌતિક વસ્તુઓ ઉપરાંત વિવિધ પ્રકારની લાગણીઓની પણ હોય છે. તેની તૃષ્ણા તેના પ્રત્યેનાં આપણાં વર્તનની પણ હોય છે. આપણાં તેના પ્રત્યેના વ્યવહારની હોય છે.

આ પ્રકારની લાગણીઓની. વર્તન અને વ્યવહારની અપેક્ષાઓની તેઓ સ્પષ્ટ રીતે અભિવ્યકિત પણ કરી શકતા નથી. અલબત, આ પ્રકારની અપેક્ષાઓની અભિવ્યક્તિ સરળ પણ નથી હોતી. સ્નેહીજનની અપેક્ષાઓની અભિવ્યકિત ના થાય એટલે સ્વાભાવિક છે કે તેને આપણે સમજી ન શકીએ. આપણે અપેક્ષાઓ સમજી ન શકીએ એટલે તેને પૂરી ન કરી શકીએ. અપેક્ષા પૂરી ન કરી શકીએ એટલે સ્નેહીજન ના ખુશ થાય. આમ લાગણીઓ, વાણી, વ્યવહાર અને વર્તનની અપેક્ષાઓની અભિવ્યકિત મુશ્કેલ હોય તે પૂરી થઈ શકતી નથી તેને કારણે આપણે સ્નેહીજનને ખુશ કરી શકતા નથી.

ઉપર ચર્ચા કરી એમ આપણે કોઈ એક સ્નેહીજનને હંમેશા ખુશ કરી શકતા નથી એમ જ, શું આપણને કોઈ એક વ્યકિત હંમેશા ખુશ કરી શકે છે? શું આપણી તૃષ્ણાઓ અને અપેક્ષાઓ અગણિત નથી? શું આપણે આપણી લાગણીઓ, વ્યવહાર અને વર્તનની અપેક્ષાઓ કોઈ સ્નેહીજન સમક્ષ વ્યક્ત કરી શકીએ છીએ? જો એ વ્યક્ત ન કરી શકતા હોય અને તેને કારણે આપણી અપેક્ષાઓ પૂરી ના થતી હોય તો આપણે શા માટે નાખુશ થઈએ છીએ? આપણી એ નાખુશી શા માટે આપણા કોઈ સ્નેહીનન સાથેનાં સંબંધોમાં અસર કરે છે ?

અહી અનુભવસિદ્ધ અને વ્યવહારુ બે સત્ય સમજી લઈએ. પહેલું સત્ય એ સ્વીકારી લઈએ કે કોઈ એક સ્નેહીજનને આપણે હંમેશા ખુશ ના જ રાખી શકીએ. બીજું સત્ય એ કે આપણને પણ પહેલું સત્ય લાગુ પડે છે. એટલે કે આપણને પણ કોઈ એક સ્નેહીજન હંમેશા ખુશ ના જ કરી શકે. આ બંને સત્ય સ્વીકારીને ચાલીએ તો કદાચ આપણાં ઘણા બધા સંબંધો જે એકબીજાને હંમેશા ખુશ ના રાખી શકવાને બગાડતાં હોય છે એવા સંબંધોને સાચવી શકીએ.

# નાગરિક ધર્મની નિષ્ફળતા એટલે આંસુઓનો દરિયો



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

જીવતો ઈન્સાન જીવનમાં સ્વસ્થ રહે તે માટે ઈચ્છા રાખે છે અને તંદુરસ્ત રહેવાની બધી જ કાળજી સતત્ લેતો રહે છે આમ કરવા છતાં એ ઘણી વાર બિમાર પડે છે. તમે હું અને આપણે બધા ભેગા મળીને સમાજ રચતા હોઈએ છીએ. હવે તંદુરસ્ત રહેવાની નીતિ નિયમો, આહાર વિહારની બધા જ લોકો ખેવના લેતા રહે તેમ છતાં સમાજ પ્રતિદિન વધુને વધુ બિમાર થઈ રહ્યો છે જે આપણે રોજિંદા જીવનમાં સ્પષ્ટ રીતે જોઈ રહ્યા છીએ. જીવનમાં સમયના બલદાવથી સંઘર્ષ સતત્ વધી રહ્યો છે આ સંઘર્ષ સહ્ય માત્રામાં હોય તો જીવન ઉત્કર્ષનું સાધન બને પરંતુ બેહદ સંઘર્ષ તણાવ ઊભો કરે છે જેના લીધે માનસિક અને શારીરિક પ્રશ્નો ઊભા કરવી અને વર્તન કરવું એ બંનેમાં ઘણો જ ભેદ છે! હાલમાં યુગમાં બધા પાસે માહિતીઓ તો પુષ્કળ છે પરંતુ યોગ્ય પાલન અથવા વાણીવર્તન વિકૃત જ રહ્યા કરે છે. શ્રદ્ધાની, આસ્થાની, ધર્મની વાતો પુષ્કળ થાય છે પણ આ બધાની વાસ્તવિક સિદ્ધિઓ કયાંક દેખાતી નથી. જેનું મૂળ કારણ માણસનું ઝમીર મરી ગયું છે. ઝાંઝવાના જળમાંથી તૃષા છિપાવી શકાય નહીં ! બધા યુવા અને વૃદ્દ લોકો આ દેશના નાગરિક છે એટલે તેમાં કોઈ અન્ય કાયદેસરતાની વાત સીધી રીતે ઉમેરાતી નથી. જે નાગરિક હોય તેને સ્વયંનો ધર્મ હોય જ છે અને તેનો સરવાળો થાય એ બને છે રાષ્ટ્રધર્મ અથવા રાષ્ટ્રપ્રેમ. નાગરિક ધર્મ અદા કરવાની જે નિષ્ફળતા વધતી જાય છે તેના કારણે જ સઘળા દુઃખો સતત્ આપણને મળી રહ્યા છે. બાળકમાંથી યુવા થતાજ જીવનમાં યુ ટર્ન આવતો હોય છે. યુવાન માત્ર વયથી થવાય એ ખ્યાલમાં પણ અધુરપ છે... જવાબદારી ઉઠાવવાની માનસિક તૈયારી નથી અને સંઘર્ષ કરવો પસંદ નથી તેવા યુવા અંતે તો વયોવૃદ્ધ જ હોય છે. હવે આપણે જે ચિંતન કરવાનો મુદ્દો છે તે નાગરિક તરીકેનો ધર્મ શા માટે વ્યાપક ઘનિષ્ઠ અને હિતકારી થતો નથી. નાગરિક એ રાષ્ટ્રનું સાચું નૂર છે, આત્મા અને શક્તિ છે !

સ્વયં માટે બધા લોકો જીવતા જ હોય છે પણ રાષ્ટ્ર મારું છે અને મારું કંઈક યોગદાન આ રાષ્ટ્ર માટે હોવું જ જોઈએ એ પ્રકારની વિચારધારા ક્રમશઃ લુપ્ત થઈ છે. માણસાઈના દીવડા અજવાળા પછી કઈ રીતે આપે ? બધાને કંઈ જ ત્યજવું નથી અથવા પોતાને મળે તેવી આશા રાખવી એ સામાજિક આપત્તિનું સાચું કારણ છે. દયાહિન લોકો કયો ધર્મ સાચવે છે તે કોઈ કહેશે ? નાગરિકતા માટે નવા કોઈ કાયદાકીય સંશોધનો થાય છે એ દેશના હિત ખાતર થતા હોય છે જેના લીધે આતંકી લોકો રાષ્ટ્રનું અંગ બનતા હોય તેને રોકી શકાય છે. આ માટે સ્વચ્છ દિલે સમજણ કેળવવી પડે ત્યાં રાજકીય રીતે ચર્ચા કરી સામાજિક સદ્ભાવ નો ડહોળવાની ચેષ્ટા કદાપિ થવી જોઈએ નહીં. ભારત ઉપર કુદરતની કૃપા તો ઘણી છે પરંતુ વસુધૈવ કુટુંબકમ્‌ની સુંદર સાંસ્કૃતિક વિરાસતની વાતો કરતા કરતા આપણા જ દેશમાં અવિરત બળાત્કારો થઈ રહ્યા છે, અપહરણો, ધાક-ધમકી, મોબ લિંચિંગ, હત્યાઓ, કૌભાંડો, લૂટફાટ વગેરે ચિંતાજનક રીતે બધા જ રાજયોમાં વધી રહ્યા છે! શું આવી આઝાદી મેળવવા આપણા પૂર્વજો એ શહીદી વહોરી હતી ? વૈચારિક પતન થતા નાગરિક સ્વયંમાં સિમિત થઈ ગયો છે. પહેલાંના લોકો ભેગા થઈનો ખાતા-પિતા કે મળતા હતા. હવે બધા માત્ર ભેગુ કરવા માટે જ જીવે છે એ જ મોટી નિષ્ફળતા છે. ઈશ્વરના વિવિધ અવતારો થયા પરંતુ આ બધા અવતારો ઉપરથી પ્રેરણા શું મેળવી ? બધું અંતે વિચારને આધિન હોય છે. જીવનના કોઈ આદર્શો જ રહ્યા નથી. નાગરિક ધર્મમાં બધા નાપાસ થતા જાય છે. દરેકને નૈતિક જવાબદારી પરિવાર, ગામ, રાજય અને દેશ માટે જરૂર હોય છે છતાં પ્રતિદિન વધુ આવક કમાઈ લેવા બધું જ અયોગ્ય કર્મ બધા ક્ષેત્રના તમામ નાગરિકો કરી રહ્યા છે એટલે દવાખાનાઓમાંથી ભીડ ઘટતી નથી અથવા કોર્ટ કેસો ઘટતા નથી. પોલીસ જ બધું વ્યવસ્થિત રાખે એ સમાજ કદી વિકસિત થઈ શકે નહીં. વાત વાતમાં સુપ્રીમ કોર્ટમાં જો બધા ને ન્યાય માટે જવું પડે તો માનવું કે આપણી આ લોકશાહી સફળ થઈ નથી. કોઈને જતુ કરવું કે ક્ષમા આપવાનું સ્વપ્ન પણ આવતુ નથી ત્યાં શું સિદ્ધિ મળે ?

સરકાર કાયદાથી બધુ જ સતત્ ઉમદા કર્યા જ કરે એ સૈદ્ધાંતિક દૃષ્ટિએ સારું લાગે છે. પરંતુ નાગરિક પરસ્પરના સહયોગ અને સહકારથી પોતાના પરિશ્રમથી રાષ્ટ્રનું નિર્માણ કરે ત્યારે દેશનું વિશ્વમાં નામ બને છે. રાષ્ટ્ર એ તમને જે કંઈ આપ્યું તે નજર સામે છે પણ તમે રાષ્ટ્રને શું શું આપ્યું ? આ સવાલ મહત્ત્વનો છે. સમયાંતરે આપણે એવા પ્રકારની સ્થિતિનું નિર્માણ કર્યું છે કે જેમાં સરકાર કંઈક કરે - ની વાત જ મુખ્ય બની ગઈ છે. કૃષિનો પ્રશ્ન હોય, શિક્ષણ પ્રબંધન હોય, સુરક્ષાની વાત હોય કે બીજા પ્રશ્નો હોય એ બધામાં સરકાર કંઈક પગલા ભરશે તેવી લોક ઝંખના સૌથી વધુ બલવત્તર બની છે !! નાગરિકની પણ ઘણી મુંઝવણો અને હાલાકીઓ છે તેમ છતાં અહીં વાત નાગરિક ધર્મ માટે તેની લાગણીથી પણ જીવાય છે એ બેઉમાં મોટો ભેદ છે. સમજીને ત્યાગવું એ પ્રગતિની પૂર્વ શરત હોય છે. સમજણ વિના વૈરાગ્ય પણ ટકી શકતો નથી. રામનો અવતાર આદર્શોની સમજ આપે તો કૃષ્ણ અવતાર દરેક વિપરિત સંઘર્ષમાં હસતા હસતા જીવવાની જડીબુટ્ટી આપે છે. સમાજને આ બધું હૈયે સ્વીકારવામાં રૂચિ રહી નથી કેમ કે નાગરિક તરીકે બધા માત્ર પોતાનું જ હિત યા સુખ ઝંખે છે તેથી લોકજીવન વધુ કલૂષિત થઈ રહ્યું છે ! સહજાનંદ સ્વામી એ શિક્ષાપક્ષી સમાજને આપી કે જેથી સર્જીવનાનું હિત થાય. આદર્શ વિનાનું જીવન માત્ર વૈતરું બની રહે છે. સ્વયંની જવાબદારી નિભાવવાથી એક સંતોષનું અમૃત તત્ત્વ પણ અવશ્ય પ્રાપ્ત થાય છે. સ્વચ્છંદતાથી દિવ્યતા કદી પણ આવતી નથી. પ્રમુખ સવામીએ જણાવ્યું કે બીજાના સુખમાં આપણું સુખ સમાયેલું છે.

**શેર આસ્વાદ :**
**હવા કો ગુમાન થા અપની આઝાદી પર**
**કિસી ને ઉસે ભી ગુબ્બારે મેં ભર કે બેચ દિયા**
**- (ગુલઝાર)**